**મહે.સુરતના ત્રીજા એડી.સિવિલ જજ અને જે.એમ.એફ.સી.કોર્ટ,સુરત**
રૂમ નં-૨૩, FTC બિલ્ડીંગ, ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત

ફોજદારી કેસ નંબર- /
**આંક-**

ફરીયાદી **:** સરકારશ્રી

વિરૂધ્ધ

આ ા રોપી **:**

**<u>ગુન્હો : SECTION 223 OF BHARATIYA NYAYA SANHITA, 2023</u>**

**<u>-:ચુકાદો:-</u>**

૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ BNS ની કલમ-223 મુજબનો ગુનો કરેલ છે.

૨) આરોપી અત્રેની કોર્ટમાં હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવે છે. આરોપીએ પોતે ગુનો કબુલ કરવા માંગતા હોવાનું જાહેર કરી પુરસીસ રજુ કરેલ, જે સંદર્ભે આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. વધુમાં, આરોપી ગરીબ મજુર વર્ગના હોય અને તેઓની પાસે ખાવાના પૈસા ન હોય તે કોર્ટ રૂબરૂ હાજર થઈ તે અંગેની જાણ કોર્ટને કરે છે. કોર્ટમાં ઉભાપગે આરોપીને જોઈને તેઓની પરિસ્થિતિ ધ્યાને લેતા, અને આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઈ, તે નહી માનવા માટે કોઈ કારણ નથી. જેથી આરોપીની કબુલાત ધ્યાને લઈ તેમને સજા બાબતે પુછતા જણાવેલ છે કે તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભુલ બદલ હળવી સજા જોગવાઈ જોતા ન્યાયના હીતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબનો હુકમ કરૂ છું.

**<u>-: હુકમ : -</u>**

આ કામના આરોપીને ક્રિ.પ્રોસી. કોડની કલમ-229 મુજબની BNS ની કલમ-223 મુજબના ગુન્હા સબબ તકસીરવાર ઠરાવવામાં આવે છે અને **આરોપીને** રૂા. ૫૦૦/-(અંકે રૂપિયા પાંચ સો) પુરાનો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન-1 ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ પાવતીમાં વાહન સંબંધે અત્રેની અદાલતમા કોઈ વ્યક્તિએ ક્લેઈમ કરેલ નથી. ક્લેઈમ કરનારની માલીકી સંબંધે ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા.-08/03/2025 ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

સ્થળ : સુરત
તારીખ: ૦૮.૦૩.૨૦૨૫

આકાર એલ. ત્રિવેદી
ત્રીજા અધિક સીવિલ જજ અને
જ્યુડી. મેજી.ફ.ક., સુરત